# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

ધોરણ : ૬
તારીખ : ૯/૦૪/૨૦૧૯

ગુજરાતી
(દ્વિતીય સત્ર)

કુલ ગુણ : ૮૦
સમય : ૯-૩૦ થી ૧૨-૩૦

---

પ્રશ્ન-1 (અ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (5)

1. 'પત્રમાં કશું ઉકલ્યું નહિ....' કારણ કે,
(અ) પત્રમાંના અક્ષરો આછા હતાં. (બ) પત્ર સુવાચ્ય અક્ષરે લખાયો ન હતો.
(ક) મૅનેજર સાહેબને અંગ્રેજીમાં વાંચવામાં મુશ્કેલી પડતી હતી.
2. 'ગાંધીજી દરિયા દિલ હતા.' એટલે
(અ) ગાંધીજીને દરિયો ખૂબ પ્રિય હતો. (બ) ગાંધીજીને દરિયા કરતાં નદી પ્રિય હતી.
(ક) ગાંધીજી ઉદાર દિલવાળા હતા.
3. 'ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.' - વાક્ય કોણે કહ્યું છે?
(અ) રાષ્ટ્રપિતા (બ) લોખંડી પુરુષ (ક) નેતાજી
4. 'કો અવધૂત શો ગિરનાર બેઠો છે.' - આ વાક્યમાં 'શો' એટલે ...
(અ) સુંદર (બ) જેવો (ક) ઊંચો
5. તમે તમારા મામાને પત્ર લખી રહ્યાં છો તો શું સંબોધન કરશો?
(અ) ચિરંજીવી (બ) પ્રિય (ક) આદરણીય

(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (5)

1. 'પાદરડાં ખેતરડાં રે હીર કેરાં છલી વળ્યાં રે લોલ' ... એટલે
(અ) ખેતરોમાં પાંદડા ખરી ગયાં છે.
(બ) ઈશ્વરની કૃપાથી ચોતરફ હરિયાળી છવાઈ ગઈ છે.
(ક) પાદર અને ખેતર પાણીથી છલોછલ છે.
2. 'પૃથ્વી ઊંધી કરી નાખું, પલકમાં નિરધાર; બ્રહ્માંડ ચાક ચડાવું તો, એ ધનુષના શા ભાર?' - પંક્તિમાં કયા શબ્દો પ્રાસ ધરાવે છે?
(અ) પૃથ્વી - બ્રહ્માંડ (બ) નાખું - ચડાવું (ક) નિરધાર - ભાર
3. કાવ્યમાં 'ગુજરાત મોરી મોરી રે' શબ્દો વારંવાર વપરાયા છે, એ શું બતાવે છે?
(અ) ગુજરાત પ્રત્યેનો પ્રેમ (બ) ગાવાની મજા માટે (ક) ગુજરાતની વિશેષતા
4. 'વૃથા ગુમાવે તોલ બહુ બોલીને દેડકાં' - આ પંક્તિમાં 'તોલ' શબ્દનો અર્થ ...
(અ) ભલાઈ (બ) કિંમત (ક) મીઠાશ
5. 'પૃથ્વી સમું નહિ બેસણું, આભ સમું નહિ છત્ર;
પ્રેમ ______ નહિ માધુરી, આપ સમો નહિ મિત્ર.' ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.
(અ) સમું (બ) સમો (ક) સમી

Scanned by CamScanner

પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યમાં આપો. (ગમે તે ત્રણ) (6)

1. તમને કોઈ જાદુઈ પત્ર મળી જાય તો તમે શું કરશો?
2. 'દાંડી' શા માટે પ્રખ્યાત છે?
3. તમારા મિત્રના અક્ષર સુધારવા માટે તમે તેને કયા-કયા સૂચનો કરશો?
4. તમારી મમ્મી સાથેનો કોઈ એક યાદગાર પ્રસંગ જણાવો.

(બ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યોમાં આપો. (ગમે તે બે) (4)

1. 'ખેતરિયે કાંઈ ઝૂલી રહ્યા છે મોલ,
   મોલે-મોલે ગૂંથી દીધાં પરણુજીએ મોતીડાં રે લોલ.' - આ પંક્તિમાં તમે શું સમજો છો?
2. રામ, સીતા, રાવણ અને જનક - આ પાત્રોમાંથી તમને કયું પાત્ર વધારે ગમ્યું? શા માટે?
3. તમે જાણતાં હોય તેવા ગુજરાતના પ્રખ્યાત સ્થળોના નામ જણાવો.

પ્રશ્ન-3 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં આપો. (6)

1. 'જો તમારે કચ્છના પ્રવાસે જવું છે' - તો તમે કયા-કયા સ્થળ પસંદ કરશો? શા માટે?
2. તમે કોઈ મુશ્કેલીમાં છો તો કોને યાદ કરશો? શા માટે?

(બ) નીચેના વાક્યો વાંચી કૌંસમાં આપેલ યોગ્ય એકમ પસંદ કરીને લખો. (4)

(1. સારા અક્ષર 2. એક જાદુઈ પત્રની વાર્તા 3. સાગરકાંઠાનો પ્રવાસ, 4. સાચી વિદ્યા 5. માતૃહૃદય)

1. 'કામ કરતાં જાઓ અને કામ શીખતાં જાઓ.'
2. માધવપુર, લોથલ, તીથલ જેવા સ્થળોનું વર્ણન વાંચવાની મજા આવી.
3. માટલુંને બદલે ચાટલુંને ચારજો ને બદલે મારજો જેવી વાંચનની ભૂલ થવાથી હાસ્ય ઉત્પન્ન થયું.
4. માનવ હોય કે પશુ - માતૃહૃદય તો સૌનાં સરખાં.

પ્રશ્ન-4 (અ) નીચે આપેલ જાહેરાતનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો. (5)

એક સારું પુસ્તક માનવીને પસ્તી થતાં રોકે છે.

**પુસ્તક મેળો**

★ ★

**ગુજરાતી ભાષાના ખ્યાતનામ સર્જકોના પુસ્તક મેળવો**
**50% ડીસ્કાઉન્ટથી..**

તારીખ: 02, 03, 04 જાન્યુઆરી - 2019
સ્થળ: પરમગુરુ પાઠશાળા, મહેન્દ્ર ડ્રાઇવ રોડ, નડિયાદ
સમય: સવારે 9:30 થી 6:30

| | |
|---|---|
| વિભાગ-1 | લોક સાહિત્ય |
| વિભાગ-2 | બાળ સાહિત્ય |
| વિભાગ-3 | ધાર્મિક સાહિત્ય |

ત્રણેય વિભાગ ત્રણેય દિવસ માટે ખુલ્લા રહેશે.

સંપર્ક : પી. કે. ચૌહાણ
98218 7291×

Scanned by CamScanner

1. આ જાહેરાત શેના વિશે છે?

(અ) વાંચન શિબિર (બ) લેખન શિબિર (ક) પુસ્તક મેળો

2. અજય 'પંચતંત્રની વાર્તાઓ' પુસ્તક ખરીદે છે, જેની છાપેલી કિંમત 50 રૂપિયા છે. તે ત્રણ પુસ્તક ખરીદે છે. તો અજયને કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

(અ) 75 રૂપિયા (બ) 150 રૂપિયા (ક) 90 રૂપિયા

3. પુસ્તક મેળા વિશે વધુ જાણકારી મેળવવા માટે કોનો સંપર્ક કરી શકાય?

(અ) ગ્રંથપાલ (બ) પી. કે. ચૌહાણ (ક) ક્રિષ્નપાલ

4. જો ચેતન ત્રીજી જાન્યુઆરીએ સાંજના 7:00 વાગ્યે પુસ્તક મેળામાં પુસ્તક ખરીદવા જાય છે તો તે કયા વિભાગના પુસ્તક ખરીદી શકશે?

(અ) વિભાગ-1 લોક સાહિત્ય (બ) વિભાગ-2 બાળ સાહિત્ય (ક) એક પણ નહિ

5. પુસ્તક મેળો ક્યારથી યોજાયો?

(અ) 2જી જાન્યુઆરી બે હજાર અઢાર (બ) 2જી જાન્યુઆરી બે હજાર ઓગણીસ

(ક) 2જી જૂન બે હજાર અઢાર

(બ) ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો. (5)

મીનીના બાપ મોટા પંડિત હતા. મીની એટલે બિલાડી નહિ, પણ એક છોકરીનું નામ. તે છોકરીની આંખ માંજરી હતી, એટલે તેની ફોઇએ તેનું નામ મીની પાડ્યું હતું.

મીનીના બાપ મોટા પંડિત હોવાથી મોટાં-મોટાં પોથાં ઉથામે, મોટાં-મોટાં થોથાં લખે, આખો દહાડો એમાંથી પરવાર જ ન મળે! સાંજ થાય અને મીની એની બાને કહેઃ 'બા, એક વાર્તા કહે.' મીનીનાં બા કહે, 'જાને તારા બાપની પાસે, એ કહેશે.'

પ્રશ્નોઃ

1. મીની એટલે કોણ?
2. મીની નામ શા માટે રાખવામાં આવ્યું હતું?
3. મીનીના પિતા શું કામ કરતા હતા?
4. સાંજ થાય ત્યારે મીની એની બાને શું કહેતી?
5. ઉપરોક્ત ફકરામાં પુસ્તકો માટે કયા કયા શબ્દ વપરાયા છે?

પ્રશ્ન-5 યોગ્ય વિકલ્પ પસંદ કરો. (10)

1. 'સાવજ' એટલે શું?

(અ) અવાજ (બ) ડણક (ક) સિંહ

2. 'નભ' શબ્દનો વિરોધી અર્થ શોધો.

(અ) રાત્રિ (બ) ધરતી (ક) આકાશ

3. નીચેનામાંથી 'વાતોનાં વડાં કરવાં' નો અર્થ મળે તેવું વાક્ય શોધો.

(અ) મેહુલને મમ્મીએ વડાં લેવા મોકલ્યો. (બ) મમ્મીએ મેહુલને નકામી વાતો કર્યા વગર લખવા કહ્યું.

(ક) મેહુલે મમ્મી સાથે વાર્તા સાંભળતા સાંભળતા વડાં ખાધા.

Scanned by CamScanner

4. શબ્દકોશનો યોગ્ય ક્રમ શોધો.

(અ) ગગન, નયન, પવન, શરદ (બ) શરદ, નયન, પવન, ગગન (ક) ગગન, પવન, નયન, શરદ

5. સાચી જોડણી શોધો.

(અ) પેન્સિલ (બ) પેન્સીલ (ક) પેનન્સિલ

6. 'સુગંધ કચ્છની...!' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

(અ) પ્રવાસ વર્ણન (બ) પત્રાલેખન (ક) સાહસકથા

7. નીચેનામાંથી ભાવવાચક સંજ્ઞા ઓળખાવો.

(અ) પ્રેમ (બ) ગાંધીજી (ક) ટોળું

8. કુલદિપે ડાયરી ખોલી – વાક્યમાંથી ક્રિયાપદ ઓળખાવો.

(અ) કુલદિપ (બ) ડાયરી (ક) ખોલી

9. 'મેં ધોળું સસલું જોયું' – વાક્યમાંથી વિશેષણ ઓળખાવો.

(અ) સસલું (બ) ધોળું (ક) જોયું

10. વિરાટ ઝડપથી દોડવા લાગ્યો. – વાક્યમાંથી ક્રિયા વિશેષણ ઓળખાવો.

(અ) ઝડપથી (બ) વિરાટ (ક) દોડવું

પ્રશ્ન-6 (અ) નીચે આપેલ શબ્દોનો ઉપયોગ કરી પાંચ વાક્ય બનાવો. (10)

1. સરોવર 2. ગગન 3. પતંગિયું 4. સરિતા 5. ક્રિકેટ

(બ) તમને ગમતું કોઇ એક કાવ્ય કે લોકગીતની પાંચ પંક્તિ લખો. (5)

(ક) કોઈપણ એક વિષય પર 10 થી 12 વાક્યો લખો. (10)

1. જો હું પંખી હોઉ તો
2. માતૃપ્રેમ
3. મારા પ્રિય નેતા

(ડ) મુદ્દા પરથી વાર્તા લખો.

એક વેપારી - સોનાનાં ઘરેણાંની ચોરી - બધા નોકરોને બોલાવવા - એક નોકર પર શંકા - યુક્તિ - દરેક નોકરને સરખી લંબાઈની લાકડી આપવી - 'ચોરની લાકડીની લંબાઇ પાંચ સેમી વધી જશે' તેમ જણાવવું - બીજા દિવસે એક લાકડી ટૂંકી માલૂમ પડવી - ચોર પકડાઇ જવો - બોધ. (5)

Scanned by CamScanner